# મધુરાદ્વૈત

## ઉત્તર રાધા ચરિતમ્



માઁ ઋતેશ્વરી

રાધા ભાવનો
મહિમા છે સ્વભાવ
પ્રેમ લક્ષણા.

પૂર્ણ પ્રેમ જ
આત્મ રમણથી
પૂર્ણ વિરાગ.

હરિનો સંગ
લાગ્યો નથી કયારેય
સંસાર રંગ.

મારું હ્યદય !
મહા - રાધા ભાવથી
સજીવ થયું !

# મધુરાદ્વૈત



સર્વ રહસ્ય અગમ - નિગમનું મધુરાદ્વૈત

માઁ ઋતેશ્વરી

# મધુરાદ્વૈત
## ઉત્તર રાધા ચરિતમ્

*Madhuradvaita - Uttar Radha Charitam*

*A Collection of Sachitra Gujarati Poems*
*by Ma Ruteshwari*

પ્રકાશક
શ્રી માં ઋતેશ્વરી
માં ઋતેશ્વરી નિકુંજ આશ્રમ, રણજીત સાગર રોડ, ઘોરીવાવ સામે,
મું. પો : દડિયા - ૩૬૧ ૦૧૨, જિલ્લો : જામનગરફોન : ૦૨૮૮ - ૨૯૧૦૪૮૭

પ્રથમ આવૃતિ - મે, ૨૦૦૬

મૂલ્ય : રૂા. ૧૦૦-૦૦

© માં ઋતેશ્વરી

લેઆઉટ
ક્રિષ્ના ડિઝીટલ - મોરબી.

મુદ્રક
પ્રવિણ પ્રકાશન - રાજકોટ

## અર્પણ

ભૂત, ભાવિ વર્તમાનમાં
મહાભાવ યાને રાધાભાવની
આવિર્ભૂત
ભગવત્ - સત્તાને . . .



# હર્ષોદ્‌ગાર

ચિન્મય અવતરણમાં 'મધુરાદ્વૈત યાને કે ઉત્તર રાધા ચરિતમ્' નામક એક સચિત્ર કાવ્ય પુષ્પનું ઉમેરણ થાય છે. તેનું પ્રકાશન થતાં હું અને સાધના પ્રેમી પરિવાર અતીવ આનંદની લાગણી અનુભવે છે.

સહૃદયીજનોએ તથા સાધકવૃંદે સદ્‌ભાવના તથા શુભેચ્છા સહિત હાર્દિકતયા યથાશક્તિ નિષ્કામ ભાવે આર્થિક સહાય કરી છે. તેની નોંધ લેતાં હું સહૃદયતા પૂર્વક ગદ્‌ગદિત થઈ જાઉં છું.

કાવ્ય પ્રકાશનો ઘણાં થતાં રહે છે. આ કાવ્ય પુષ્પ સાહિત્ય જગતમાં નવીન જ ભાત પાડે છે, જેનું ચયન કરતાં સદ્‌ભાવકો રોમાંચિત થશે જ . . . તેવી અંતઃકરણમાં શાતા છે.

આ પ્રકાશન કાર્યમાં જેઓએ સદ્‌ભકિતપૂર્વક સહાય કરી છે, જેનું ઋણ સ્વીકાર કરી આહલાદિની શક્તિ ચરણે નિવેદિત કરી મારાં પ.પૂ. ગુરુજીને સાષ્ટાંગ પ્રણામ કરું છું.

| | | | |
|---|---|---|---|
| (૧) | પૂ. શ્રી પ્રેમ અવધૂતજી મહારાજ (બાપુજી)<br>મું. લીંચ, તા. જી. મહેસાણા. | ..................... | ૨૫૦૦૦-૦૦ |
| (૨) | આદરણીય શ્રી રસિકભાઈ સી. શાહ<br>સંનિષ્ઠ સાધક - શિક્ષક : અમદાવાદ | ..................... | ૫૦૦૦-૦૦ |
| (૩) | શ્રી બલદેવભાઈ ઓ. કગથરા<br>સાધક : મું. હડિયાણા, જી. જામનગર. | ..................... | ૫૦૦૦-૦૦ |
| (૪) | શ્રી કેશવજીભાઈ ટી. કાસુંદ્રા<br>સાધક : જામનગર | ..................... | ૫૦૦૦-૦૦ |
| (૫) | શ્રી નાનુભાઈ - પ્રીન્સ ટેલર<br>સાધક : જામનગર | ..................... | ૩૦૦૦-૦૦ |
| (૬) | ક્રિષ્ના ડ્રીલીંગ - જામનગર | ..................... | ૨૦૦૦-૦૦ |
| (૭) | શ્રી અનામી સાધકો | ..................... | ૧૮૦૦૦-૦૦ |

તથા સાધક શ્રી અશોકભાઈ કગથરા એ તન-મન-ધન થી આ પુસ્તકને अथ થી इति સુધી અથાગ પરિશ્રમ કરી પ્રકાશન માટે તૈયાર કરી આપેલ છે. તેને કેમ ભૂલી શકાય ?

રામનવમી
તા. ૬-૪-૨૦૦૬

શ્રી માં ઋતેશ્વરી

# ॥ ચિન્મય અવતરણ ॥

"પરં પ્રેમ એજ પરં વિરહ' પરં વિરહ એજ પરં વિરાગ = વૈરાગ્ય"

એક સિક્કાની બે બાજુ - ફૂલ અને ફોરમની જેમ આ મધુરાદ્વૈતની અનુભૂતિને વ્યક્ત કરતા આનંદ થાય છે.

ઈ.સ. ૧૯૯૭ માં એક સમયે ધર્મમેઘ સમાધિમાંથી વ્યુત્થાન થતા ચિદાકાશમાંથી દિવ્ય અવાજ સંભળાયો . . . 'ઉત્તર રાધા ચરિતમ્ લખ'. ત્રણ વખત અવાજ સંભળાતા અવાક બની ગઈ !

કેમ લખવું ? શું લખવું ? એક સપ્તાહ સુધી પ્રશ્ન મૂંઝવતો રહયો, અગોચર ગૂંગળામણ ને અશ્રુપાત થતાં રહ્યાં . . . અનવરત સ્થિતિમાં ક્ષણાર્ધના કેટલામાં ભાગમાં ચિદાકાશમાં દશ્ય ઝબકારા મારી અદશ્ય થાય આવું થતા જે કઈ રંગ આકૃતિઓ છાપ છોડી જાય તેના ચિત્રો અને કાવ્યો રૂપે અવતરણ થાય !

કાવ્ય તો કલમથી કોળે . . . શબ્દ દેહ બને, પણ ચિત્રાંકન ! હું ચિત્રકાર નથી તેથી ગૂંગળામણ - મીઠી ગૂંગળામણ થાય અશ્રુપાત થાય . . . તો કોઈક કયાંકથી રેખાંકન દશ્યમાન થાય ! અને અંતરનું સત્ત્વ કાગળ પેન્સિલ પકડાવે અને ચિત્ર પ્રસ્તુત થાય. રંગ પૂરાય અને ઉત્તરરાધા ચરિતમ્‌નું અવતરણ થાય. આમ ત્રણેક વર્ષના અંતે મધુરાદ્વૈત યાને ઉત્તરરાધા ચરિતમ્‌નું અવતરણ થયું.

જીવને જયારે કોઈ અગમ્ય - અવ્યકત સત્તાથી અકારણ જુદાઈ - અસહ્ય જુદાઈનો ભાવ આકુળ વ્યાકુળ કરી મૂકે છે, ત્યારે આ સ્થાયી ભાવ પરં વિરહ એજ પરં પ્રેમ બની રહી સ્વરૂપના અનુસંધાનમાં અનન્યાસકિત જન્માવે છે, અને સમગ્ર વ્યકત અસ્તિત્વ દેહાધ્યાસ ગુમાવી પ્રલય સ્વરૂપ થાય છે. યાને ધર્મમેઘ સમાધિની વ્યવસ્થિતિમાં ખીલી ઊઠે છે. ચિન્મય નીલ બિંદુ મહાશૂન્યમાં એક રૂપ થઈ જાય છે. બિંદુ સિંધુમાં સમાવિષ્ટ . . . વાણી બંધ . . . બુધ્ધિથી આ સ્વસંવેધ સ્થિતિ અવ્યાખ્યેય બની રહે છે. કેવળ સાક્ષી સત્તાધીશ મૌન જ રહે છે. . . . વ્યવહાર માત્ર મધુર બની રહે છે. જીવ જગત અને જગદીશની સ્થિતિમાં 'સ્વસ્વરૂપ ચૈતન્ય દેવં સર્વ' ઈતિ બની રહે છે. અંતર્બહિઃ મધુરાદ્વૈત સિવાય કશું વિલસતું હોતું નથી.

આ મહાભાવ રાધાભાવના સર્વે જીવો જન્મસિધ્ધ અબાધિત અધિકાર લઈને જ જન્મે છે.

માઁ ઋતેશ્વરી



હું-પ્રેમ-પ્રેમી
ઓતપ્રોત   સારુપ્ય
ઘેલું-ઘેલું રે..

## સંગમ તીર્થના હૃદયોદ્‌ગાર

પહેલાં 'વહેવાને મારગ કરીએ' પછી 'પંચમ યુગ પ્રેમનો' અને હવે આ ત્રીજો કાવ્યસંગ્રહ ગુજરાતી ભાષામાં 'અધ્યાત્મનિષ્ઠ રસકવિતા' માં મહત્ત્વનું ઉમેરણ કરે છે.

ભક્તિ કાવ્યો અને અગમ - વાણી આપણાં મધ્યકાલીન સાહિત્યની વિશેષતા છે. તે પરંપરાને માત્ર આગળ ધપાવવવાનું જ નહી, તેમાં 'મધુરાદ્વૈત' ની અનુભૂતિનો સાક્ષાત્કાર કરાવતી આ રચનાઓ વિશે એવું કહી શકાય કે 'આ કંઈ કવિતા ખાતર કવિતા નથી, અહીં કાવ્યમાં રહેલી 'અનુભૂતિ' ને મધમધતાં ફૂલની જેમ જીવાય છે.

માં ઋતેશ્વરી (સુશ્રી પુર્ણાબેન પંડ્યા) એ બચપણથી અધ્યાત્મની પગદંડી પર વિહાર કર્યો છે. ભગવદસત્તાને ગળાડૂબ અનુભવવી અને તેના પુલકિત અંશ તરીકે જીવવું - એ તેમણે સ્વીકારી લીધેલી વિભાવના છે. ગુરૂદેવ પ.પૂ. ગંગાધરપ્રકાશ સ્વામી એ દીક્ષાર્થી બનાવ્યાં, તે પહેલાંથી તેમની ખોજ સત્ય અને પ્રેમરુમ સત્યની રહી છે. આ કવિતા પણ તેવી સંવેદનાની નીપજ છે. ગેય અને અગેય આકારે શબ્દસ્થ થયેલી આ રચનાઓમાં અભિવ્યકિતની સુંદરતા અને પ્રબળતા છે. મધ્યકાલીન ભક્તિ કાર્વ્યો અને અગમના ગેબી નાદની છાયા છે, તો સૂફી કવિતાનો 'જીવ' અને 'શિવ' ના સંવાદ સરખો કેફી મિજાજ પણ છે. તેમણે 'કુંડલિની યોગ અને અંતર્યાત્રા' નામે યોગશાસ્ત્રના મહત્ત્વના આયામને રજુ કરતું પુસ્તક પણ આપ્યું છે. ભાષા, સાહિત્ય, શિક્ષણ, કલા અને અધ્યાત્મના સંગમતીર્થ સરખું વ્યક્તિત્વ ધરાવનારા આ કવયિત્રી નો આ ત્રીજો 'હૃદયોદ્‌ગાર' કાવ્યરસિકો તેમજ આત્મજિજ્ઞાસુઓને માટે પ્રેરક બનશે.

-વિષ્ણુ પંડ્યા

સંપર્ક:- શ્રી માં ઋતેશ્વરી નિકુંજ
રણજીત સાગર રોડ,
દડિયા, જામનગર



# શરણાગતિ અણમોલ પ્રેમની પરોણાગતિ

॥ શ્રી માં ઋતેશ્વરી ॥



## ગા રે . . બંસી

ગા રે બંસી સૂર ગા . . .
ગારે સૂર બંસી ગા . . .
ગોવિંદ કે સૂર ગા . . .

જબસે ગયે વો સૂર નહીં સૂના
સૂના સૂના મમ મંદિરિયા . . . ગા. . રે. .

ઐસે ગયે વો
જૈસે ચાર યુગ બીતે
રહે નહીં મેરે મન કી સુધ રે . . . ગા. . રે. .

જનમ જનમ સે
યે સૂર કી પ્યાસી ઋતા
અબ કૌન સૂનાયે સૂર . . . ગા. . રે. .



# મૈં જો હોતી

મૈં જો હોતી કાન્હા
તેરી બાંસુરિયા,
લિપટ રહતી કાન્હા તેરે અધરોં પે . . . મૈં જો . . .

મૈં જો હોતી કાન્હા
માલા બૈજયંતી,
દમક રહતી કાન્હા તેરી છતિયોં પે . . . મૈં જો . . .

મૈં જો હોતી કાન્હા
હીરા કૌસ્તુભિયોં,
ચમક રહેતી કાન્હા તેરી છતિયોં પે . . . મૈં જો . . .

મૈં જો હોતી કાન્હા
મોર કી પિરિછયોં,
વિરાજ રહતી કાન્હા તેરે મુકુટ પે . . . મૈં જો . . .

મૈં જો હોતી કાન્હા
તેરી ચાખડિયોં,
ચીપક રહતી કાન્હા તેરે ચરણો મેં . . . મૈં જો . . .




# પ્યાસી

બોલ રે મોરલિયા . . . (૨)
ગોકુલ પ્યાસા, ગોપી પ્યાસી,
પ્યાસી હૈ એક વૃંદાવન રાજદુલારી . . . બોલ.

ગૈયા પ્યાસી ગ્વાલે પ્યાસે,
ગોકુલ કી હૈ યે પ્યાસી ગલિયારી . . . બોલ.

નીત મન તરસે જીવન ભરકે,
કબ દેખું અબ યે હી નજરિયાં . . . બોલ.

એક ટસ મગ જોવત લંબી ડગરિયોં,
રો રોકર હો ગઈ બાવરિયા . . . બોલ.



# મૌવર વાગે છે

તન કાગળ છે મન લેખણ છે ગોકુળમાં મૌવર વાગે છે.
ચાતક ગજબનું વ્યાકુળ છે, ગોકુળમાં મૌવર વાગે છે.


મન કેડી સૂની સૂની રે અહેસાસ સકળ તરન્નુમી છે.
આંખો એવી તો ચંચળ કે ગોકુળમાં મૌવર વાગે છે.

શારદીય પૂર્ણિમા રૈના ને ગોપ-ગોપી ગજરારી
કેવળ કાળજુ તર-બ-તર છે ગોકુળમાં મૌવર વાગે છે.

બેહોશ  લોહી સ્તંભ શા ચરણ પર જોશીલું મધુરાભિસરણ
ચાંડાળ, ડગર ને ડુંગર છે, ગોકુળમાં મૌવર વાગે છે.

સ્મરણોજ કેવળ છાયા છે કે મંન અકળ અકળાયું છે ?
ઋતા મન પ્યાસી ભવભવની ગોકુળમાં મૌવર વાગે છે.





# વાંસ

એ જ હશે આ વાંસ (૨)
જેમાં વૈંકુંઠી વાયરા એ છેદ પાડયાં છે સાત . . . એજ

નાહી સોને કી નાહી રૂપેકી
નાહી રતન જડયાં અપાર,
પારંપારની સૂરાવલીથી મુગ્ધ થયા છે કોક . . . એજ

હતો જંગલી અધરામૃત પી ઘનશ્યામના
અનોખો થૈ રમ્યો ‘તો રાસ
આજ લગી મન મોહનનું ગુંજે છે તેમાં હાસ . . . એજ

કાલિંદી ઘૂમ્યો ઘૂમ્યો કદંબ ડાળ
ગોકુલ ઘેલું ઘેલું કીધું,
એજ સૂરની મને લાગી  ગૈ છે પ્યાસ . . . એજ

રમણ રેતની ડમરી ઊડે પૈંડમાં
સૂર જાગે ઔર કૈંક મીંડમાં,
રટતો રટતો ‘રાધા - રાધા’ રહયો છે ઋતા પાસ . . . એજ



## કૈંક ભીતર

એક સૂર એવો ગણગણે કૈંક મંતર,
કટોરો મેં પીધો રણઝણે છેક ભીતર !

હાં રે શબદ શાંતિ સૂમસામ સરતી,
કોઈ હળવી હથેળી સરસરે છેક ભીતર !

ઊંચે આભ પરથી ભીનાં અભ્ર ખરતાં,
મ્હાંચલોચ એવો રણઝણે કૈંક ભીતર !

પ્રજ્ઞાના પર્ણોને ભેદયાં પછીથી,
નવનીત સુરભિ મઘમઘે કૈંક ભીતર !

હીરો જો મળે અસલી વસુંધરામાં,
પહેલ હું પાડું ને ઝગમગે એનું અંતર !

## મોજ

ગમતું ગમતું ગજવે ગોપ્યું
નો'તુ ગમતું પરદે ઢાંકયું.

લાલં લાલ થઈ છું સખિયો
એક સાંભરણું નજરે ચોટ્યું.

આંખ કરી મેં બંઘ ત્યાં તો . . .
ચિત્તે બમણું ગજવે રાખ્યું.

સાથ હવે ના કોઈ મિત્રો
પળ પળ મરવું સહેજે માણ્યું.

'મોજ' થઈ લીલી છમ કોળે,
જયાં મેં ભ્રમણા ઘરથી કાઢી.

અંતરમાં હું રણઝ ણ રણઝણ
તેં મોરલિયા બજવે રાખી.

'તત્' અમર તું પરમ મૂળથી
છે આ સમણું સમજે ઋતા.





## કળ વળે છે.

બાંસુરીમાં સૂર એક એવો સળવળે છે,
અને મારાં હૃદયમાં કૈંક કળ વળે છે

સૂરને સાંભળી છાતી સરસો કરું,
ત્યાં દૂર ક્ષિતિજથી કૈંક પરચો મળે

એવો છે સૂર જેમાં રણઝણતું અનોખું,
તેને હૈયાના હેતથી પોંખુ !

અવનીથી અનંતની લેરખી માણું,
મારી હયાતી મોંઘેરી તેને સોંપું !

સૂર સવે છે, જાણે ચંદ્રકાંત મણી !
ને પેંડનું નૂર સરકે છે એની ભણી.

નિરાળો દેશ ને જેમાં સૂરનું અનોખું પોત
સૂર-શરે વીંધાવું ને હું અને તે ઓત

બાંસુરીમાં સૂર એક એવો સળવળે છે,
અને ઋતા, હૃદિયામાં કૈંક કળ વળે



## એવી બલા


હલચલ મચી છે એવી, સમયને યાદ કરજે,
રાગની તો નહીં તું સગપણની વાત કરજે.

મોવરને બજાવી જો સૂરોને ઊંચેરા છેડી,
ખૂબીથી હવે તારા પાલવની વાત કરજે.

કોઈ જો તને પૂછે પ્રણય કે જાત વિશે,
તુક્કાઓ તજી દઈને પ્રણયની વાત કરજે.

રોળાય જતી લાગે હૈયાની વાંસળી જો,
ભીતરમાં જરા થંભી માધવને યાદ કરજે.

ઋતા, હૃદયાનાં ભાવો તાર્કિકો તો શું જાણે ?
એવી બલાની સામે લાઘવથી મૌન ધરજે.



## શું કાયા કે માયા ?

ઉધો, પ્રેમમાં જગતરણી,
પંડિતોનાં પગ પૂગે છે કાંઠે, પરખંદા તો ડૂબકી મારે ઉ

સૂસવાટાનું જંતર વંટોળિયા વીંઝે
તેમાં વિવિધ પાવડી ઊડે.
ખોજીને ખપની એમાંથી
કેવળ ગુરુ જે ચીંધે,
જયાં હયાતી ઓજ ઝળહળે નહીં ત્યાં અડાબીડ ચૂવે.

ખાલી ખલકનો ખટારો
નહીં કોઈ માલંમાલ
ખોજી તો શ્વાસોના સૂરમાં,
પ્રોતી લે પ્રણવને ઊરમાં,
જયાં હયાતીમાં ડૂબ્યાં પછી શું કાયા કે માયા ?



## મધુરાદ્વૈત મૌજ

સાધો ! મૂળ ઊંચે ને નીચે ડાળ,
ત્રેવડીને ત્રિકૂટીએ જોયું તો બેઠાં 'તા વનમાળી !

ગમ ગયા ને મગન ભયા,
હળવા થઈને હંસા હાલ્યા,
ખલક ખર્યા ને મલક મળ્યો.
સિંધુમાં સમાસી જઈ બિંદુ ફોરી ઊઠી ફૂલવારી !

ફિરકાંઓનાં ફજેતાં ફેંકી
ફૂલ અને ફોરમ સમી
મધુરાદ્વૈતની 'મૌજ' ખીલી
ચાંપે પ્રેમ પલીતો તેની ઊંચેરી ઊડે 'મૌજ' સવારી !





## મધુબિંદુ આકાશી

નાદ નગારે નાળ્યા રે અવિનાશી રે,
બંધ બાવનની છોડી ગ્યારે ફાંસી . . .

ચૌદ ભુવનનો નાથ
હળવે ઝાલી મારો હાથ,
પ્રણયનું અમૃત પીતાં
ઘૂંટડે ઘૂંટડે . . . . . . . . ..
મંદ મંદ મંદારી લહર અને સૂર સ્ફૂરે ઊજાસ

ભીની ભીની ઉરગંગા
ને મીન મઝોથી ન્હાય !
ડૂબકી ડૂબકી ડફલી બાજે
આદિ દેવ રમણે રાજે
હરિયાળો હરિરસ સુરતા ઝીલે મધુબિંદુ આ

## અંતરનું જંતર

આજ મિલનથી મ્હાયલામાં કૈ મરમ ભાસે,
મરમના અરથ નીતરતા ઊંડા ઊંડા શ્વાસે.

નાની સરખી કીકીની ઊંડી કોતરમાં,
પળતા પળતા ભરમ ભાપ થૈ ઊડે આકાશે
દશે દિશામાં હળવું કૈં વાગે ને અઢળક આનંદ જાગે, . . . આ જ

પલક પલક  માંહીં ઝબકે ઝાઝેરો વૈભવ,
નવ નિરાલી દુનિયાનો મોંઘેરો છે માતમ,
મલક મલક અવિરત મહેંકી ઊઠે છે આતમ . . . આજ

આજ ફળ્યું છે ભાગ્ય અકારણ થાયે લાસ્ય,
માંહીં ગગન ગાજે ને અંતરનું જંતર વાગે,
કેટ-કેટલા યુગની આળસ અંગ મરડીને ભાગે . . . આજ



## ગોરંભા !

અલ્યા ગોરંભા !
તું કેમ આવ્યો, ક્યાંથી આવ્યો, કોણે મોકલ્યો રે ?

મનખો મારો ગોરંભાયો
મોર ગહકે મેઘ મલ્હાર,
બંસીના સૂર સળવળે
કાળજ મારું કંપે રે . . . અલ્યા તું કેમ આવ્યો . .

પનઘટનો આ આરો
લાગે જાણે યમઘટ ઓવારો,
વિરહવીજળીનો ચમકારો
મારા ઘુંઘટનો ઘેરાવો . . . અલ્યા તું કેમ આવ્યો. . .

દયા કર, મહેર કર,
દિલના ગોરંભા !
વરસીસ તો જગ વંકાશે
લજ્જા વહેતી થાશે, ઋતા ગોકુળમાં વાયરે વાતું થાશે,

રંભારવમાં હૈયુ મારું રાતું,
મોર પીચ્છ હળવે હળવે ગાતું,
દિલ-દિલરૂબામાં કૈં થાતું તાજું
રાગ વિરાગ મોહનની બે આંખ્યું . . . અલ્યા



## પલક સરતી જાય

પલક સરતી જાય મનવા, (૨)
કહો કે આંખોની કલમ લખતી જાય મનવા
અને સામે તીરે કરકમલથી અર્ઘ્ય મળતું.
હવાના મકતામાં કુમ કુમ સવે લાલ ચટકો
ફિઝામાં રાધાના અશ્રુ ટપકતાં જાય મનવા.
પલક સરતી જાય મનવા (૨)

નિપા કેરી શાખા નભપથ અને રંગ નમણાં
વદે ઊંચા સૂરે પરખવશ આ મૌન ઝરણાં
અને ધીમે ધીમે સુખદ હરફ વદતા જાય હરણાં
પલક સરતી જાય મનવા (૨)

પ્રવેશું કુંજોમાં અઢળક પિયુ પ્યાર પરસે
ત્રૂહયાં એકાંતોમાં તરન્નુમ સમી દષ્ટી હરસે
દુજાન્તે માંગલ્ય પ્રેમ પમરતો થાય મનવા,
પલક સરતી જાય મનવા. (૨)






## ઘૂંઘટનો ભૃંગ

મારી કદંબ મંજરી મ્હોરી મ્હોરી રે રાજ,
સલૂણો દરબાર ભરી બેઠો વસંત આજ.

તરંગિની યમુના નાચંતી રંગ રાજ,
જોતા મારી બંસી ડોલી રે ડોલી આજ . . . મારી

ફૂલની ફોરમ સૂંઘી ડોલે વસંતરાજ
રંગ પિચકારી છોડે હો માણારાજ,
હૈયાની હેલ છલકે હોલે હોલે રે . . . મારી

રંગ રેલાણો આભ ને ધરતી કેરે સંગ
ફાગ ફાલ્યો છે નિકુંજે અંગો અંગ,
ગોકુળ ને દ્વારિકા વચ્ચે છે ઘૂંઘટનો ભૃંગ ! . . . મ



## જાગી મારી નીંદરડી

ધીમા સળવળે છે બંસીના સૂર
જાગી મારી નીંદરડી . . .
વાધે વાધે રે શ્યામળાનો સ્નેહ
જાગી મારી નીંદરડી . . .

રાસે રમે છે ચંદ્ર ને ચંદ્રિકા
રંગે ચડી છે કોઈ બાલા.
સવે શરદ ને હરખે હૈયાની હાલા
જાગી મારી નીંદરડી.

કુંજે કુંજે 'રાધા રાધા' બપૈયો બોલે
ગહકે મયૂરનો ઘેરાવો,
રસથી રસેલ ઝરે મધુશાલા
જાગી મારી નીંદરડી . . .

આનંદ કંદ ડોલે કદંબ ને કુંદ
મીઠાં પડઘાતા બંસીથી છંદ.
મંદ મંદ ફોરે વસંત હોલે હોલે
જાગી મારી નીંદરડી . . .

## નહિ ઉચાટ ?

દૂર દૂર દ્વારિકાથી ઊઠે છે જય જય કાર,
સાંવરા, હોઠના કરે તવ નામોચ્ચાર !

રાજ રમતની રાજ, ભલે ખેલે તું ચોપાટ,
ગોકુળને લાગે છે તારા સૂરની લપાટ !


સમણું ન હતું સાગમટે ગોકુળનું,
પ્રગટ સગપણ હતું પ્રેમીજન વ્યાકુળનું !

ભલે મીઠા હો દ્વારિકાના હિંડોળા ખાટ,
શું નજરું લંબાતી નથી મધુવનની વાટ !

તારે ભલે દોમ દોમ સાહ્યબી અફાટ,
કાં વાળે તું પ્રેમીજનોનો દાટ ?

અડવાણા પગલાં દોડે છે વ્રજવાટ,
શું ઘડ્યાં કરે તું વૈકુંઠમાં ઘાટ ?

સ્નેહ ચળકાટને લાગે કદી ઋતા કાટ ?
વ્હાલમાં, મિલન કેરો કેમ રહે નહિ ઉચાટ ?



## અનુભવી વાત

ભીતર બાજે ભીતર બાજે
કૈં ધીરા નિનાદે,
એના સૂરનાં સંગાથે સઘળું રાજે. . . ભીતર . . .

હૈયું તો શું પ્રાણ પણ રહે ના હાથે,
પેંડનો પીંડો પીગળી પળે એની સંગાથે . . . ભીતર

શ્વાસોનાં સાગરમાં ઊંડે ઊંડે,
કોઈના ભાળે તેમ હયાતી ડૂબે . . . ભીતર

પળ પણ ના રહે મુઠ્ઠીમાં મારી,
ખરે ! ક્ષણભંગુરતાનું રહસ્ય છે ભારી . . . ભીતર

ઝળહળાં રાતની જુદી જ વાત,
આ માણિગરની જુદી છે જાત ! . . . ભીતર

મનનાં તાણાંવાણા કૈં ઓત પ્રોત,
કયાં કહું, પડી ચિત્ત પટોળે અસલ ભાત !
પ્રાણ પંખી, લૈ આવ્યું અનુભવી વાત ! . . . ભીતર





## ધૂન જડી ગઈ

કોઈ મારું સૂણે ન સૂણે ભલે ને
મને એક એવા સૂરની ધૂન જડી ગઈ.

ભ્રાંતિના ભ્રમર ગુંજન વચાળે
અભય કેરી ભેરી એવું ગુંજી ગઈ કે . . કોઈ મારું

ભલે બદલ્યો જમાનો કે સુધર્યો જમાનો,
પણ ઈશ્કનો જાદુ તું શું જાણે પ્રવાસી . . . કોઈ મારું

આ ચંદા, સૂરજ ને ટમટમ સિતારા રે
મહેમાન થઈ આંગણું મારું ઉજાસી રહ્યા . . કોઈ માર

આફતાબ, અચલતાનું ધ્રુવ ચરણે ધર્યું,
આનંદ કયાં જઈ વહેંચું ? કયાં ઝિલણ હારો . . . કોઈ


## મુરલી કેમ રીસાણી ?

નાચત ગાવત સૂરની રાણી,
મુરલી કેમ રીસાણી ?

ન ભાવ ભંગી, રાવ ન કરતી
સ્થિતપ્રજ્ઞ શી રાધા સંગે
અબોલ કો અનજાની !

ઊઠત બેઠત મન મેં અનેરી ઘુંટન,
ભાવ ભવાની શી રાધા સંગે
અડોલ જાણે કો વનવાસી !

ગોપી - કોમલ કાળજ કોરંતી મુગ્ધા,
ચંચલ ગંગા શી રાધા સંગે
યુગ યુગની એ સહચરી !
મુરલી કેમ રીસાણી ?





## મનડું

મળી તો ગયું રે મનડું જડી તો ગયું રે,
મારું ખોવાયેલ મનડું મળી તો ગયુ . . .

રહી ના કોઈ હવે બાધા અમારે
     પ્રગટ ભયું સાંવરિયાની સાથે,
અંતરનું નીલકમલ સોળે કળાયે ખીલી તો ગયું . . . મા

મારી ભ્રમણાઓ ભાંગી ને
     ઊભી મારી સામે આવી
આસું ઝરતું હૈયું તવ ચરણોમા ઢળી તો ગયું . . . મારું

દૂરથી આવી ને વ્હાલે
     ભેટયાં મને રૂપલે હાથે
મુક્ત કરી બંધ, ઊડવાનું ઈજન કરી તો ગયું . . . મારું



## વરણ

પ્રણવનું વરણ છે,
સફળ મમ જીવન છે.

હવે ના જુદાઈ,
ચરણમાં શરણ છે.

જગત એ રમત છે,
ઋતા ને ખબર છે.

સમય છે ગુલાબી,
અસર છે ગઝલની.

જગત છે હિસાબી,
કલયુગી અસર છે.



## કામયાબ

માનજો વ્હેમની એ વાત નથી,
એ તો રંગીન પ્રેમ રાત હતી.

આખો શમિયાણો લઈને ઊડું છું,
આ અસલ મારો કારભાર નથી.

ખાટું મીઠું બધું સહજ છે નશીબ !
તોય મીઠી હા ! પ્રેમરાત હતી.

લાંબુ ટૂંકું બધું સ્મરણ છે મુઝને,
તોય ખોજી આ કામયાબ હતી.



## તે તમે ?

રંગરેજ ના કરે કંઈ હળવું ફરે,
રંગાય જૈ મદમાયા 'તા તે તમે ?

ને પરે ગગનના તે શૂન્યમાં,
ચાંદની રૂપે ફેલાયા 'તા તે તમે ?

મૌન થયો તો સમય હોઠોં મહીં,
હવા થૈ જે મહેક્યાં 'તા તે તમે ?

બે આંખનાં બંધ પોપચાં પંથે,
કીકી વચાળે ઝળક્યાં 'તા તે તમે ?

આંગણે ખીલેલ લજ્જામણી ને,
પર્ણ પર લિસોટા પડ્યાં 'તા તે તમે ?

પ્રસન્નતાનું પુષ્પ પુરાણું પાંખમાં,
ગંધ થૈં ને સુગંધાયા 'તા તે તમે ?

હરખના હીરલામાં પહેલ પડ્યાં,
ઝગમગાટ થૈ ચમક્યાં 'તા તે તમે ?

મૌજ તણું ગીત વહેતું વાંસમાં,
'ઋતા' ના કંઠે પરોવાયા 'તા તે તમે ?



## પ્રેમ પીંછીએ રંગાણા

આ રે કાયા રે કઠણ કોચલું,
તેમાં રહયું છે કોમળ કાળજું.
ઈ રે કાળજ કોર્યુ પેલાં કાનુડે
કોણ કહે છે અમે રે કુંવારાં,
બાઈ, અમે પ્રેમ પીંછીએ રંગાણા . . .

રંગ રંગના ઊડે છે ફુવારા
મંદિર મસ્જિદ ને ગુરૂદ્વારા,
અજપા જાપનાં સુવાસા
કોણ રે કહે છે અમે રે કુંવારા
બાઈ, અમે પ્રેમ પીંછીએ રંગાણા . . .

ગગન મંડળની હું રે સોહાગણ
પ્રેમ પિયું ને પ્રેમ ઓશિંગણ
દૂમ દાબી ભાગ્યો દ્વૈત ભોરિંગણ
કોણ રે કહે છે અમે રે કુંવારા
બાઈ, અમે પ્રેમ પીંછીએ રંગાણા . . .

મૌજ મિરાતું લઈ ફરતાં વાટે ને ઘાટે
મોજની મજા છે 'ઋતા' શિર સાટે,
ત્રિવેણી સંગમના એ ઘારે
કોણ રે કહે છે અમે રે કુંવારા
બાઈ, અમે પ્રેમ પીંછીએ રંગાણા . . .



## મધુર આરતી

કરત મધુર આરતી ભોર
વિરહ નદી વિલીન સાગર મેં ઓર
નિરખું નટખટ નંદ કિશોર . . . કરત

મંન થાલી મેં કપુર જયોત
ઝાંકત, લાલન કો દોઊ કર જોર . . .
લસત્ અવની-અંબર મુદિત મન મોર
દેવ કરત સ્વર બંસી સૂર ઘોર . . . કરત

દેવ દેવાદિ  આદ્યે કરત વૃષ્ટિ મ્હોર
જય જય શબદ હોવે ચહુ ઓર
ઋતા, નાથ પ્રગટ પ્રભુ,
રાધાવર મદન મસ્ત તોર . . . કરત

# ગોકુળજન

ગોકુળજન આવો ગોઠડી માંડીએ જી,
આવો ઊઘાડીએ પ્રેમપૂત દિલના દ્વારજી
ભીતર કેવું અપરંપાર જી રે . . . ગોકુળ.

ગૂઢ ગરથ ગાંઠ ખોલીએ જી . . .
વ્રજજન આવો ઉર ખોલીએ જી,
સખી, હૃદ્યે સૂતેલ સાગર સાત
સૂણવા તેની અઢળક વાત,
મરજિવા શી ડૂબકી લગાવીએ જી
પ્રેમી જન આવો સૂર રેલીએ જી . . . ગોકુળ

તન ગોકુળમાં ચમકે સૂર ને ચંદ
ભીતર ઝળકે નવલ નૂરનાં છંદ,
જ્યોતિ ઝીલીને ખોળીએ અમે મૂળ સૂર
પ્રેમી જન ભીતર કાન ને મળીએ જી . . . ગોકુળ

વ્રજ જન હૃદ્યે હરિનો હો નિવાસ
તહાં ના આથમે ઉજાસ.
મનની મિરાત પ્રેમી પરખંદા ઝીલીએ જી
હરિ જન આવો સનેહ સંસાર તરીએ જી . . . ગોકુળ





# મ્હાલીએ


રમણાની આંગળીઓ સજાવીને મ્હાલીએ,
સૂરો ના સૌમ્ય સ્વપ્ન સજાવીને મ્હાલીએ.

કોરે રાખી દીધી છે કશાઓ કુતર્કોની,
ભાવો તણાં ઊંચેરા મહેલમાં મ્હાલીએ.

જાણી શકો તો માણો ઝવેરાત ઉરના,
બુદ્દિના રાજપાટ લૂંટાવીને મ્હાલીએ.

કૈં દૂર નથી માધુર્ય, આછેરા ઘુંઘટે,
ખોળી, અતૂટ આશ્લેષ હા યુગોથી મ્હાલીએ.

હે ઋત, સૂરો સૂણતા ફોરી ઊઠે સકળ,
માધુર્ય કેરી ધૂન જગાવી ને મ્હાલીએ.



## માધુર્ય પ્રપા

જગની સહુ વસ્તુમાં માત્ર બે જ મને ગમે
એક તો એ જ છે પીરછ કાના ! તારા કિટી
પલક સ્પર્શી સમાધિમાં હેતથી હુલાવતું રે
વીણા વદે હૃદ્ય વેણ, ને વેણે અર્ઘ વેદના
હરીને પળતો પંથે, સ્પર્શનો ચંદ્ર મ્હોરતો

ને બીજી આ બંસરી જે અર્પી ગ્યો જમુના
વહેતા વારિના સંગે રહ્યાં સુમિરણો ભલા
રે અહીં આંસુડાં, તારી દ્વારિકા મરકયાં કે
ચૂમી બંસી અહર્નિશ, અંર્તવેદીય આહુતિ
માધુર્ય પ્રપાથી ઋતા, મધુરાદ્વૈત રેલતી !



## અવધૂતી મસ્તી


અવધૂતી મસ્તી,
ખીલી હૈ યહ મસ્તી અવધૂતી મસ્તી . . .

મસ્તી નહીં હૈ ભૈયા સસ્તી
છોડો પરપંચ કી યે પસ્તી
ખીલ જાયેંગી અવધૂતી યે મસ્તી. . .

હાટ બીકે ના દાન મિલે ના
ના રહે તનમન કા યે ભાન
ઉભર આતી મસ્ત મૌલા સી યે મસ્તી . . . અવધૂતી

આગે પીછે મેરે, ઉપર નીચે
બંસીવટ યમુનાજી કે તીરે
પ્રગટ પ્રેમકી અવધૂતી યે મસ્તી . . . અવધૂતી

પ્રેમ હી નાવિક પ્રેમ હી યાત્રી
પ્રેમ હી હસ્તી ડૂબ લગાવે
'ઋતા' અસ્તિ પ્રગટ પ્રેમ કી મસ્તી . . . અવધૂતી



## હીંચકો

હીંચકો રાધા તણો હરખાય
વડલાની વડવાયું બોરાય,
ઝૂલ્યાં'તા રાધા ને કાન
બંસરીએ આપ્યું બયાન .. હીંચકો ...

ચંદન તરુનાં વાયરા વાયા
વસંત રાણીના માયરા જોયા
સૂરના સનકારા સંભળાય
હેલે ચડયો હૈયા નો હાર . . . હીંચકો . . .

સુખ દુઃખ છે માટીનાં દોણાં
પળભરમાં બુદબુદ શા ફૂટી જાય
ઋતા, શાને કાજે આ રોણા ?
માધવને દેશ થાય પરોણા . . . હીંચકો

પ્રગટ પ્રપંચ મનરંજની માયા
મહાભાવે રમે નિરંજન રાયા
યોગ, વિયોગ સંજોગી ઋણ
રાધા, પાર પામ્યું તેમાં કુણ ? . . . હીંચકો




## પાંપણ ભીંજે

કદંમ કેરી કેડીએ ચાલતા મારી પાંપણ ભીંજે
મર્મર ધ્વનિ સાથે મારી પાયલ રીઝે
પાયલ રીઝે રાજ, પાંપણ ભીંજે !

ગોધણ કેરા ઘૂઘરા વાગે
શ્યામને ગોંદરે મળવાનું ટાણું
સંધ્યા કેરા મેઘ ધનુના રંગો ગાતા રંગનું ગાણું,
રંગનું ગાણું રાજ, પાયલ રીઝે
પાયલ રીઝે, પાંપણ ભીંજે . . .

પાદર માં કો એક મહિયારી
ઝીણી આંખે તારલા ન્યાળે
આપ સંગી રંગતમાં જીંદગીની રંગી જાણે વાતુ
રંગી જાણે રાજ, પાયલ બાજે
પાયલ બાજે પાંપણ ભીંજે,



## અલબેલો

મીઠાં લાગે છે મને કા'નના પરાક્રમો
પ્રોતી' તી ફૂલોની માળ રે . . .
અલબેલો ક્યારે પધારશે !

સૂરના સનકારે એના અણસારા ગા
અંતરમાં ઊછળે અકળ ઉમંગ રે . . .
અલબેલો ક્યારે પધારશે !

કંસને મારી મથુરા સંતાપથી ઉગારી
માખણ મીસરી જોતી એની વાટ રે
અલબેલો ક્યારે પધારશે ?

ગોકુળની આંખડીએ લીધાં સોગંદ
કાજળ સર્યું તો તારી વાત રે . . .
અલબેલો ક્યારે પધારશે ?

માળા ગૂંથતાં આતમમાં ગૂંથાઈ ગૈ
ડૂબી જતા પીયાવરને વ્હાલ રે . . .
અલબેલો ક્યારે પધારશે ?

## ચાંદલિયો


આકાશ નીલું ને વાયરા સંગે ગાતું
મારો ચાંદલિયો મદમાતો,

ભાનભૂલી રે હું તો રાસની રમતમાં
ખેલ ખેલે એમ ઝંઝાળી જગતમાં . . . મારો ચાંદ

રેશમની માયા તારી લાગે સુંવાળી
ચોપાટી નટે મને ભરમે ભૂલાવી
ઉરમાં ધરીને બેઠી તારી છબીને
વ્હાલના વાયરામાં મારો ચાંદલિયો મદમાતો . . .

જગ નટિયા ! જરા આટલેથી અટકો
ઉરને ઝંકારે તારી બંસીનો ચસકો
વારે વારે થોભી તોય ચરણ ન અટકો
તૂં તો પાંપણની પોલમાં લપાતો . . . મારો ચાંદ

ઝૂકી ઝૂકી મારાં મનને રમાડયું
ચૂમી ચૂમી મને ઘેલું રે લગાડયું
ક્યાં રે છુપાવું મારાં હરખુડા દિલને ?
વાયરા સંગે ઊડી જાતું રે . . . મારો ચાંદલિયો





## લગન

લગન મોહે લાગી લાલનથી
કૈં ન લાગે મીઠું માલં માલનથી . . . લગન

રૂપ શીલ ગુણ તેજ ભંડારી
જનમન મોહત માધો મુરારી
નૈન કટારી મારે ગિરધારી
તનમન પ્રાણ હરનારી . . . લગન

વશ થાયે સુભગ નરનારી
વદે વાણી નૌતમ નઠારી
જાદુ ટોનાયે ગોપી ગજરારી
પ્રેમ ભેખી વૃષભાનુ દુલારી . . . લગન

ત્રિભુવન મોહન વનમાળી
બંસીની છેડે મધુર સૂરવાણી
ઋતા, સૂણે જો કોઈ પરાવાણી
તરી જાયે ભવનદી ખારી . . . લગન



## અંતર ધખિયાં



કાના રે કાના . . . ઉર પૂકારે સખિયાં . . .
રહું જેમ પાંખ વિનાની પંખિયાં,

વ્રેહની માલા નિશદિન જપું
વ્યાકુલ શી મધુબીન મખ્ખિયાં . . . કાના

દરશન બીન બરસત અખિયાં
કયાં રે ખોલું દિલ સખિયાં ? . . . કાના

નંદને નિરખ્યા વિના સુખ નહીં લાગે
આતુર મન મગ અખિયાં . . . કાના

ઋત ! હવે ઉરમાં નહીં ધીર
અંતર ધખ-ધખ ધખિયાં . . . કાના



## હરિ હરખે

વીંધાય ગઈ બંસીના બાણથી
ભરવા હું નીર ગઈ,
જમુનાને તીર ગઈ
નૈનાની ચોટ લગાવી નટવર
કેવી તારી આ જાદુગરી ! . . વીંધાય . .

સાનભાન ભૂલી ગઈ થૈ ભારી
લોટ પોટ થઈ હું તો હારી,
પનઘટ પર દેખી ડરે નરનારી
વૈદ્યોની શું ચાલી કારીગરી ? વીંધાય . .

ઋતાના નાથ ધીરું ધીરું મરકે
આંસુ મોતી બની પાંપણે ચળકે
તોરણની અનેરી સુગંધ મહકે
હરિ હોલે હોલે હરખે . . . વીંધાય . . .



## હુકમ કરાય ?

બંસીના બોલ કેમ રે સંચવાય
એતો કદંબની કૂખે ચડી કયાંય કૂદી જાય . .

કાલિંદી કેરા નીર કેમ થાય થીર ?
એતો કા'નના સંભારણાં લૈ વહેતી ચિર

'ગોરસ લ્યો' સાદ કરી વ્રજ વળોટાય
સ્નેહ સાગરે ડૂબ્યાં કેમ નીકળાય ?
ઊંડે સાતમે પાતાળ પૂગે છે પ્રાણ
કોઈ સાદ કરો ઓલ્યા કાનને . . .

કુંજ નિકુંજ લચ્યાં કદંબ સોળે કળાય
કાળજા કેરા ટોડલે તોરણ બાંધવાના
કોડ સખી, કહો કેમ પૂરા થાય ?

ઈજન કૂજન ઉલઝન સહુ સમજાય
નિગૂઢ મમ ભાગ્ય શે વંચાય ?

અવની અંબરની આંખો મલકાય
ઋતે, દ્વારકા વાળાને શું હુકમ કરાય ?



# ઊંચેરો પાટ

મેં તો મુરલી સંગ માંડી ચોપાટ
મરક મલકે મોર પીંછ બેસી સુખાટ . . . મેં તો

પરમ પ્રેમના પાસા પરખાય
તુર્યાના તીરથી નિદ્રાના તૂટયાં છે ઘાટ
દિન રાત હ્યદલ નો ઘનેરો ઘોંઘાટ
મસ્તી, સર્વાંગી ભ્રમણાનો વાળે છે દાટ . . . મેં તો

પ્રેમના પ્રણવનો ઊંચેરો ઉદ્‌ઘોષ
રે મનવા ! તને ન હારનો ઉચાટ,
પ્રેમ પારાવારનો પુનિત ઘુઘવાટ
ઋતા, પારંપારનો ઊંચેરો છે પાટ . . . મેં તો

# પ્રીત પરિવાર ગુંજે

અજબ ગજબનું ભૃંગ ગુંજન
અંતર અમીરાતનું છે ઊંઝણ !

સાત સમંદર પારનું છે ગુંજન
સૂરજ ગુંજે, ચાંદો ગુંજે
ગુંજે આભ અપાર રે . . . અજબ ગજબ



અનંત આંગણ ગુંજે
ધરતીનો ધબકાર ગુંજે
અંતરના ડકાર ગુંજે . . . અજબ ગજબ

આર ગુંજે પાર ગુંજે પારંપાર ગુંજે
રાગ ગુંજે રાગિણી ગુંજે
માયા કેરો ખેલ ગુંજે . . . અજબ ગજબ

સંત, મહંત, વસંત ગુંજે
કા'નાનો નીત રાસ ગુંજે
ઋતા ! પ્રીત પરિવાર ગુંજે . . . ખજબ ગજબ



# આંસુડું

વાયરો વાયો ને આંસુડું એક તરતું વરતાણું
હૈયે અડકયું તો તે ઊનું ઊનું પરખાણું

આવ્યું ઉગમણે દેશથી
લાવ્યું અંતરના નિગૂઢ પરમાણું . . . વાયરો

અજબ જયોતે અક્ષરે અક્ષર ઊકેલાણું
અચ્યુતની વાણીથી ઓળખાણું . . . વાયરો

કથા એવી ગુપત વદી અસહય વ્રેહની વ્યથા
ઋતા, સાંભરે છે રોજ ગોરજ ટાણું . . . વાયરો

દોમદોમ સાહયબીમાં સંતાયે આંસુડું
એની ધારે મક્કમ મનડું ત્રોફાણું . . . વાયરો

જ્ઞાન ભોમથી પટકાણું અતલથી પ્રગટયું
વ્હાલાના મનને આજ રે પ્રિછાણયું . . . વાયરો



# ગંગાજળ


એક તારા સૂરનું રણઝણ થવું,
ઊંઘતી રમણાનું સળવળ થવું,

રાસ, આખો રાસ રડતો હશે,
મોરલીનું નામ  કાં પોકળ થવું ?

કેદ થઈ ગયાં પછી કોઈ આંખમાં
સાવ એવું સહેલું નથી આઝાદ થવું !

રણ વિશેની માન્યતા ખોટી ઠરી,
કેમકે તુઝ પ્રેમનું ગંગાજળ થવું . . .

ગોરસીના પૂર આવી પડે
હું, મટકિયા ને આપનું માખણ થવું,



## મધુર હૃદય

ઝબકી રહયું છે તેજ અનોખું પ્રવાસમાં
કોઈ રમી રહયું છે મારી આસપાસમાં,

ચમકી રહેલ બિંદ પર દીપી રહયાં શિલ્પો
સરકી તરત ચૂમી રહ્યા ફૂલોના ગાલને,

અભ્યર્થના કોની અહીં મોતી બની સવે ?
ને આંસુ પણ ઝીલાય ને ફોર્યા વ્હાલમાં,

સૂરજ ચંદ્રના ઝાંઝરો ઝંકૃત થયા અને,
ધરતી સુવાસે ફોરતી નાજુક કળી હવે,

કોમળ કરોના સ્થર્શથી સહુ તરબતર થયાં,
ચમકયા ઋતા, તારા મધુર હૃદય આવાસમાં.



## રાસનો રસ થાળ

હૃદયની પીર જુદી છે, બધો અંગાર જુદો છે.
બધાં સંસારથી આ પ્યારનો દરબાર જુદો છે.

બફાટો પંડિતો તણા ભલે નિત્ય હતાં ને હજો
અમો મુસ્તાકની મિરાતનો ગુલબાર જુદો છે.

અમે હા પ્રેમમાં ડૂબ્યા, થયા છે મુક્ત સર્વેથી
અહા ! મસ્તાન માનીના હૃદયનો તાર જુદો છે.

અપરંપારમાં હરજી ! પ્રણવ પંથે મળ્યા થકીથી ?
અલગારી ઋતાના રાસનો રસથાળ જુદો છે. !



## હે વાદળ

કયાંક તો વાદળ વરસ હવે,
કંઈક તો વાદળ સમજ હવે.

આંખડી મેં તો બંધ રાખી
તોય મોતીડું સરી પડયું,

વ્યથાની મેં ગોફણ છોડી,
ખેતરમાં ઊભી ઊભી . . . (૨)
વેદના મારી અબોલ થૈ (૨)
છાતીની બખોલમાં . . . આંખડી મે તો

વેરીઓ મારાં વકરે નહીં,
પાલવ ઓઢીયો પૂરે પૂરો .
લાજ, લજ્જામણી શરમાય ગૈ (૨)
કીકી કેરી કંદરામાં . . . આંખડી મે તો



## ત્યાં ફદં નથી

આ ગીત ગાયું છે હરિયાળું
તેને સંસારનો શણગાર નથી,
એ કેમ પૂગશે અગમને દેશ
તેનો કોઈ અણસાર નથી,

રે સખી, ઋતાના જીવનની
બજાવે છે કોણ સિતારી ?
કોણે દીઠો છે બજવૈયો ?
ન કોઈ સુરાગ કે નથી વરતાર . . . આ ગીત


બસ, નાદ બ્રહ્મની એ મેઘઝડી
ઝકઝોર વહાવે બારખડી
રણકારે એને માણી મેં
જયાં સૂર નથી કે સ્વરકાર નથી . . . આ ગીત

રોજ રોજ આફતાબમાં
રીઝી જાઉછું મોહતાજમાં
ભૂલો કરુ છું કૈં ગફલતોમાં
છતાં નથી તારા મકતામાં . . . આ ગીત

આ ભરમોની ભેખડોમાં
મેં ભૂત સદા ઊંચું દીઠું
પણ પયંગબરી પતંગિયાની પાંખ
જોઈ, તું અફલાતૂન રેગીસ્તાનમાં . . . આ ગીત

આ રહેમ રાગિણી રહીમની
સરગમ કેરો શણગાર રચે
અરે ! જો પિપાસુ, મીંટ ભરી
જયાં ફનાગીરી ત્યાં ફંદ નથી . . . આ ગીત





## મનડાં કેટલાં ?

જીવડાંને મનડાં કેટલાં ?
આ રાધાને મનડું છે એક,
આપ્યું વાંસળીનાં સૂરને છેક . . . આ રાધાને

જીવડાંને ચિત્તડાં કેટલા ?
આ રાધાને ચિત્તડું એક,
આપ્યું મોર પીચ્છધર ને છેક . . . આ રાધાને

જીવડાને હૈયા કેટલાં ?
આ રાધાને હૈયુ એક,
આપ્યું નંદ કુવરના છેલ . . . આ રાધાને

જીવડાંને આંખો અનેક
અર્જુન શી ઋતાને એક,
ચીંટકી મધુવનની કોર . . . આ રાધાને



## બે વ્હેણ

એક ધારાની બે વ્હેણ,
મીરાં ને રાધા છે પ્રેમ વેલ,


એક દર્દ દિવાની ભટકે ઠેરઠેર
એક પ્રેમ દિવાની વૃંદાવન ઠરીઠેમ . . . એક ધારાની

એકને સૂરની છે ઝાઝી રે મેર
એકને રાણાના છે કાળા કેર,
નિયતિના નખરાળાં છે ખેલ . . . એક ધારાની

એક ઝાંઝર ઝંકારે નાચી
એક સૂરના સનકારે રાંચી
બેય શ્યામ ચરણમાં રાજી . . . એક ધારની

જાણે, શ્યામ રાધાની રીસ
માણે શ્યામ મીરાની કીસ
'પરં પ્રેહ જ પરમ પ્રેમ'
વ્હેમ જરાયે ના લવલેશ . . . એક ધારાની







## એક ઘડી

મધુર અદ્વૈતની એક ઘડી,
જાણે સુંદર દ્રુતની લચતણી
પરિપૂર્ણ રાગની ધ્રુવ કડી !

એમા સુંદર મનભાવન લાસ
જાણે, મદન મોહનનું હાસ !
એમાં અનંત તણો આવાસ
છે પ્રભુ પ્રેમનો પુરો પાશ,
જાણે શરદપૂનમનો રાસ ! . . . મધુર

આશ્લેષની છે આ અજબ ઘડી
અનાયાસ જો જાય જડી,
તો 'તુહી' (૨) નો રંગ જાય ચડી
જાણે અંતરાને મીંડ ચડી !
ઋતા, અંતે ફંદ યમનો જાય ફૂટી . . . મધુ

## સજ ગયે તાર

તું જબ આયા તો . . .
સારંગી કે સજ ગયે બસૂરે સબ તાર . . .

મેરી સાંસ સૂરાવલી મેં
કૃપા તેરી કા આરોહ અવરોહ.

પ્રાણો સે સહસ્રાર તક
ઘૂમતી ચિર મૂરછના બેસૂમાર,
તું જબ આયા તો . . .



મન મોર નાચે મેઘ મલ્હાર
રોમ રોમ રીમઝીમ રસ લહાણ,

અભિયાન મધુર ઉજજ્વલ
આનંદ કંદ રાગ સુકુમાર
તું જબ આયા તો . . . . .

ચૈતન્ય શબદ સ્વરવિસ્તાર
સમ હર પ્રતિબોધ, હરેક ચાલ તાલ

ઊભરતી સંવેદના ને ગા લિયે
અપૂર્વ અભિનવ શૃંગાર
તું જબ આયા તો . . .

મિલા દિયા તૂને જીવન કા તાર
કૈસે લગે અબ સંસાર ભાર !

પ્રેમ પુનિત પ્રબંદા સે
નિશદિન બહે મધુરી રસધાર
તું જબ આયા તો . . .




## ચરણ દૌડ પડે . .

ચરણ દૌડ પડે . . . મેરે !

આકાશ મંગલ બરસા રહા થા !
તારે ટીમટીમા રહે થે
ચાંદ ભી કરતા રહા થા કુછ ઈશારા !
કૃપા જબ બરસને લગી અનરાધાર !
તબ ચરણ દૌડ પડે થે મેરે . . . !

નીશિથ કા અંતિમ ચરણ ભી દૌડા !
પ્રત્યૂષ કી નયી ઉન્મેષ લે કે !
પંછીને મધુર રવસે તુઝે પુકારા !
કોમલ સ્પર્શ ! 'આપા' વિગલિત !
તબ ચરણ દૌડ પડે મેરે . . . !



## ગઝલ આકારથી

તું રહે મોરનાં પીંછમાં જ્યારથી,
પારખું હું તને ગઝલ આકારથી.

આવ્યો સામેથી કરવાને પારખાં,
ટસથી મસ ન થાઉં હવે મારાથી !

લાજ કાઢી છતાંય માંહી ઝળહળ જ્યોત,
હરખ હેલીથી હરીભરી થૈ હયાતી !

નિરુદ્દેશે બહુવિધ હોંશ હા હુલ્લસે
ધારા એવી કે નિરાલંબ ઊછળે

રણકારે રવી ઋચા ઊંચે સ્વરે,
નીરવ થઇ ઋતા નિજ ગૃહે.

તું રહે મોરના પીંછમાં જયારથી
પારખું હું તને ગઝલ આકાર થી !

## સ્વર્ગ

હું હતો, તું હતી અને તે હતું,
હયાતીનું સ્વર્ગ બીજે કયાંય હતું ?

તારા હતાં, તારક હતો, હતી, તારામૈત્રી,
હયાતીનાં સ્વર્ગે ખીલી ઊઠી પૂનમ ચૈત્રી !


ખ્વાબનો શરાબ હતો રબનો પાલવ હતો,
હયાતીનું સ્વર્ગ બીજે કયાંય હતું ?

મયખાના ઉંબરે ધર્યું હતું માથું,
માતું હયાતીનું સ્વર્ગ, બીજે કયાંક હતું ?


ખુદ ખુદા જ નથી ઋતા, તારાથી જુદા,
તો હયાતીના સ્વર્ગે કયાંથી અલવિદા ?

ઓથ તરણાંની તોડો, મૈખાને મંન જોડો,
બંધ બાવનના તોડો, હયાતી સ્વર્ગે દોડો.

હું હતો, તું હતી અને તે હતું
હયાતીનું સ્વર્ગ બીજે કયાંય હતું ?



## પ્રાતઃ



યે કૈસા પ્રાતઃ !
ચલ બસી ઘનઘોર રાત . . .

ધડકન કી હિલ્લોર હાસ
ઈસ મેં આ બૈઠા મધુ માસ . . . યે કૈસા . . .

જગ સ્વપ્નોં કા ચિતેશ
મન કે સૂને નિલય મેં
કયા ગાતા સુલય મેં ! . . . યે કૈસા . . .

ક્ષણ ક્ષણ સાંસો કે તાર મેં
નિરંતર કિસકી ધૂન ?
અધરો કી ડગર લૂઁચૂમ . . . યે કૈસા

પલપલ પરિચિત સા લાસ,
હોતા પ્રતિબોધ કા વિશ્વાસ,
પ્રકાશિત હુઆ હર આવાસ . . . યે કૈસા

નિદ્રા ઉન્મન કર ગયા
નયા ઉન્મેષ ભર ગયા,
હૈ યે કૌન ? હર્ષિત કર ગયા . . . યે કૈસા

કયા મુક્તિ કયા બંધન ?
ઝકઝોર હુઆ યે પ્રબંધ
ઋતા, પ્રીત રહી અકબંધ . . . યે કૈસા



## પ્રેમ શૃંગાર

ઓ આંખે ! ક્યોં ન ઝાંકિ પ્રેમ શૃંગાર !

સૃષ્ટિ મેં બિખરે કણ કણ યે રંગ
મત માન ઉસે જલતે હુએ અંગાર !
અનંત સાગરે દમકતે ઉછલતે યે તરંગ
મત આંખ મિચૌલી ખેલ, હો નિસ્તરંગ !
ઓ આંખે ક્યોં ન ઝાંક પ્રેમ શૃંગાર !

જો તું અનુભવતા હર પલ પલ
સાથ હોતા, કહતા ઉન્હે અનુકૂલ !
મુખ મોડતા, કહતા ઈન્હેં પ્રતિકૂલ !
ભ્રાંતિ કબતક કરતી રહે તુઝે વિફલ !
ઓ આંખે ક્યોં ન ઝાંક પ્રેમ શૃંગાર !

અદ્વન્દ્વ તેરે મન કા અમર છંદ
મધુર સ્પંદે 'પ્રલય' હૈ નિજાનંદ.
સત્ પ્રેમ હી સૃષ્ટિ હૈ મહા નિબંધ
હર અક્ષર તુમ્હારા, હૈ નિત ભાવબંધ
ઓ આંખે ! ક્યોં ન ઝાંકિ પ્રેમ શૃંગાર !

મત પિરોએ મન વેતાલ કથા મેં
મત રંગાએ બેકાર કુપ્રથામેં.
તૈરના સીખો મન કી તરંગ વ્યથા સે
લક્ષ્ય, હાંસિલ હો, તેરી યે અથકાન સે
ઓ આંખે ! ક્યોં ન ઝાંક પ્રેમ શૃંગાર !



## અંચલી



બિસ્મીલ, તેરે રાગ સે
ખુલ ગઈ હર દિશા
ક્યોં પૂછું ? મૈં કહાં ચલ બસી
વિરહ કી હર નિશા ? . . . બિસ્મીલ . . .

ઉર કા ખલક પ્રિયે ! સ્નેહ અતલ
જાગૃતિ કી લૌ હર ઝાંઝમેં અચલ !
રાગ સે ભીગી વિરાગ સે ગીલી
સાંસ ભી અશેષ તુઝ મે આ મિલી . . . બિસ્મીલ

'નેતિ નેતિ' ના રટે મન કા યે તોતા
આસપાસ ચોપાસ તું જો બસા હોતા
ચલબસી મન કી સબ મૂક વ્યથા
ક્યા સુનૂં મૈં અબ ખલક કી જીર્ણ કથા ? બિસ્મીલ

પંચેન્દ્રિયોંકી માણિગર ઓ પાંચાલી !
મન મોહિની, ઘાટ-વાટ પે બહુ સંચરી
કૈસી મગન ભઈ યે શૂન્ય ગૃહ મેં મંનચલી !
પીઘલ કર રહ ગઈ અહંતા કી યે અંચલી . . . બિસ્મીલ




## મન મેરા

મન મેરા ભયા મગન !
દેખ દુનિયા કે રહસ્ય રતન !
આંખો મેં ખિલા વિસ્મય ચમન !
નજર સડકોં સે ગુજર નભ ગંગા મેં જા બૈઠી !
મન મેરા ભયા મગન !

મૂક ભાષા, ટિમટિમાતે તારોં !
કુછ ગહન સીખ દેતે યારો !
ચકા ચૌંધ મેં પડતી, હંસતે થે યે પ્યારો !
મન મેરા ભયા મગન !

રહ રહ કે ખરતા સિતારા !
દૂજકા ચાંદ કુછ કરતા ઈશારા !
હોતા ગીન લૂં યે તારે સમાધિમેં માનો નભ સ્થિર !
મન મેરા ભયા મગન !



## અહેતુક પ્રેમ

કરી તો જૂઓ અહેતુક પ્રેમ કરી તો જૂઓ . . .

આ ધરતી ને અંબર
આ સ્થળને આ જળમાં,
કણ કણમાં વિલસી રહ્યું જે ચેતન
તેને તમારું કરી તો જૂઓ . . . કરી

પોથી પોથી પઢી પઢી
પંડિતાઈનો પથ્થર થયો,
દિલે દિલમાં વિલસી રહ્યું જે ચેતન
તેને તમારું કરી તો જુઓ . . . કરી

આ મારું આ તારું ખલકમાં
ખોટો ખ્યાલ છે મોટો
ઋતા, પ્રેમ પારાવાર છે ઊંડો
તેને તમારો કરી તો જૂઓ . . . કરી

# બાંસુરી રુએ

મધુવનમાં બાંસુરી રૂએ રે
રાધાની છતીયા કાંપે રે . . . મધુવન

લહર લહર જમુના રાણી જાણે
બોર બોર આંસુંની ધારા !
કદમ ખોબલો ભરી ઝીલે
મોતીયન નો બને હાર . . . રે મધુવન

ચલત છમ છમ વ્રજ્વાસિની
ઝંકાર કરે પગ પૈજની
પ્રેમ પીયારી રાધા મનમાનિની
માધો સૂરની બાવરિયા . . . મધુવન



# ઈન્તઝારમાં

કાળજું કોર્યુ, યાદમાં બેઠી,
સૂરોના એતબારમાં બેઠી.

કુંજે બેઠી, વિશ્રામમાં બેઠી
શ્યામ તણા ગુલાલમાં પેઠી.

તોય નૃશંસ મને ઓળખતો,
જઈ ભલે ને કરારમાં બેઠી,

પગમાં બાંધ્યાં તો એમ લાગ્યું કિ
જાણે કોઈ નૃત્યાગારમાં પેઠી.

એને જોવું હશે તો કળી લેશે,
જાદુના તો જુવાળમાં બેઠી.

ભંગ પડશે અને જાણી જઈશું,
ઊંઘની પેલ પારમાં પેઠી.
શ્યામના કિરદારમાં બેઠી.

આશ કેરી હૂંફાળવી માયા,
લઈ ભલે દુજાભાવમાં બેઠી.

ઋતા, ઓલ્યાને કે'જો' મસ્ત છીએ'
સૂરોના ગુલઝારમાં બેઠી,
દેખ્યાના ઈન્તઝારમાં બેઠી.





## પર તું કયાં . . યે

સૂરથી સરકી રહેલી વાત છે પર તું કયાં . .યે . . .
બંસરી વીંધેય તારો સાથ છે પર તું કયાં . . યે


આપણાં હૈયાનાં હલ્લેસાં અલગ કયાંથી રહે ?
ચોતરફ વરસાદની બારાત છે પર તું કયાં . . યે

બાગમાં ખ્વાહિશની કસ્તી તો હલ્લેસે હુલ્લસી
અશ્રુ રૂપે સરતાં પારિજાત છે પર તું કયાં . . . યે

છે મર્મી બનજર નજર પણ તાતી હરિયાલી તો છે
કેસૂંડાંના ફૂલ ચમકયાં, કાળિયાર છે પર તું કયાં . . . યે

હીયમાં થીજેલ અશ્રુ તારા થૈ ને રોશની
આકાશ ગંગાતણી વધાર છે, પર તું કયાં . . . યે

ફોજ યાદોની ડરાવે છે ઢાલ થૈ શકતો નથી ?
વીજળી ઝીંકાય જિંદાદિલ તું પણ રે કયાં . . . યે



## ઋતા-દર્શન

અમારી દ્રષ્ટિની સાથે રે મૂલાકાત કેવી
થઈ અમારા ‘સ્વ’ ના સંગે શ્વેતેશ્વર જ્યોતિ

અને ચિતિ બિંદુનું તીવ્ર સૂક્ષ્મ રૂપ થાયે . . .
પ્રવેશી શૂન્યમાં, ચરણે, પરાત્પારને થૈ . . .

નીલેશ્વરીનો ઝળહળ અમે પ્રકાશ થૈ ગ્યા . . .
તૂટ્યાં આ સ્વાપ્નાઓ તંદ્રાના ઉલ્કાપાત ગયા . . .

જે અભિપ્સા અમારી ‘ અહં બ્રહ્માસ્મિ’ની
વ્યક્તિ તણું બિંદુ ચેતન, સમષ્ટિ યુકત થયું . . .

રાધાભાવ - સમાધિ હા ધર્મમેઘ તણી,
મધુરાદ્રૈત સિંધ્ધાંતના અભિયાની અમે !

મધુરાદ્રૈત વિભાવનાના પક્ષપાતી છીએ . . .
ઋતાના દર્શનનું આછે નૂતન પરભાત . . . .

**શ્રી માં ઋતેશ્વરીના અન્ય પ્રકાશનો**

- કુંડલીની યોગ અને અંર્તયાત્રા
- વહેવાને મારગ કરીએ
- પંચમ યુગ પ્રેમનો



શરણાગતિ
અણમોલ પ્રેમની
પરોણાગતિ.

સમસ્ત સૃષ્ટિ
કૃષ્ણ - સ્વરૂપે રાતી
અખંડ બાતી.

સત્યં સુંદર
જીવન ધારા - રાધા
પ્રેમ સ્વરૂપા.

રસેવ બ્રહ્મ
મધુર રસ રાધા
નમન તુમ્હે.

